# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited* **Grade A** *by NAAC*


નં. એસ.સી.-એસ.ટી.સેલ/૨૨/'૧૮ તા.૧૧/૦૪/'૧૮

વિષય :- વર્ષ:૨૦૧૭-૧૮ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક / પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ મંજૂર કરવા બાબત.

સંદર્ભ :- જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી, રાજકોટના પત્ર ક્ર.નં.ના.નિ./વિ.જા./શિષ્યવૃત્તિ/૧૮-૧૯/૩૦૪૮-૩૦૫૩ તા.૦૯/૦૪/૨૦૧૮.

<u>પરિપત્ર :-</u>

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ જણાવવામાં આવે છે કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની પ્રિ-મેટ્રિક / પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮ થી ડીઝીટલ ગુજરાત પોર્ટલ ઉપર કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૭-૧૮ પૂર્ણ થઇ ગયેલ હોવા છતાં અમુક કોલેજ/સંસ્થા કક્ષાએ શિષ્યવૃત્તિની પ્રપોઝલ/અરજીઓ પેન્ડિંગ પડી રહેલ હોવાનું ધ્યાને આવેલ છે. જે પૂર્ણ કરવા તા.૨૦/૦૪/'૧૮ સુધી કોલેજ/સંસ્થાના લોગીન ફરીથી શરૂ કરવામાં આવેલ છે. ટૂંક સમયમાં આ પોર્ટલ પર વર્ષ ૨૦૧૮-૧૯ની શિષ્યવૃત્તિની કામગીરી શરૂ થનાર હોય, વર્ષ ૨૦૧૭-૧૮ના કોઇ વિદ્યાર્થી વંચિત ન રહી જાય તે માટે તા.૨૦/૦૪/'૧૮ સુધીમાં ઓનલાઇન બાકી રહેતી દરખાસ્તો બનાવી તાત્કાલીક ફોરવર્ડ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, વર્ષ ૨૦૧૮-૧૯માં વિદ્યાર્થીઓના બેંક ખાતા સ્થગિત ન થાય તે માટે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી, બેંકનો સંપર્ક કરાવી તમામ વિદ્યાર્થીઓના ખાતા સ્કોલરશીપ એકાઉન્ટમાં તબદીલ કરવાની કામગીરી કરવી. જેથી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ડિમાન્ડ ડ્રાફ્ટ આપવાના રહે નહીં. આ માટે વિદ્યાર્થીઓના બોનાફાઇડ સર્ટીફીકેટ કાઢી આપી બેંકને આપવા.

તા.૨૦/૦૪/૨૦૧૮ પછી આવી કોઇ અરજી આપના લોગીનમાં બાકી રહી ગઇ હશે તો તેની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. તો આ અંગેની સંપૂર્ણ કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા વિનંતી છે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે ) સહી/-

(ડૉ. ધીરેન ડી. પંડ્યા )
કુલસચિવ

<u>બિડાણ :</u>

સંદર્ભિત પત્રની નકલ

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

<u>નકલ સાદર રવાના :</u>

માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :</u>

(૧) જોડાણ વિભાગ
(૨) પી. જી. વિભાગ

રવાના કર્યું

નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

નં.ના.નિ/વિ,જા,/શિષ્યવૃતિ/૧૮-૧૯/૩૦૪૮-૩૦૫૩

**જરૂરી/સમય મર્યાદા**

જીલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિની કચેરી,
૬/૧-બહુમાળી ભવન-રાજકોટ
ફોન-૦૨૮૧-૨૪૪૭૩૬૨
Email: dcraj1@gmail.com
તા.૦૯/૦૪/૨૦૧૮

## પરીપત્ર

વિષય: વર્ષ ૨૦૧૭-૧૮ ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક/પોષ્ટ મેટ્રિક શિષ્યવૃતિ મંજુર કરવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ ખાતું ગાંધીનગરના પત્ર નં વિજાક/શિક્ષણ/૧૮-૧૯/૧૪૧૩-૧૪૪૪ તા. ૫/૪/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ વાળા (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર હેઠળના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની પ્રિ-મેટ્રિક/પોષ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮ થી ડિઝીટલ ગુજરાત પોર્ટલ ઉપર કરાવવામાં આવેલ છે.

ઉક્ત બાબતે જણાવવનું કે, વર્ષ ૨૦૧૭-૧૮ પૂર્ણ થઇ ગયેલ હોવા છ્તા અમુક શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ પ્રિ.મેટ્રિક/પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિની પ્રપોઝલ/ અરજીઓ પેડિંગ પડી રહેલ હોવાનું ધ્યાને આવેલ છે. જે પૂર્ણ કરવા તા.૨૦/૪/૨૦૧૮ સુધી શાળા/કોલેજ/સંસ્થાઓના લોગીન પર ફરીથી શરૂ કરવામા આવેલ છે. તા.૨૪/૪/૨૦૧૮સુધીમા ઓનલાઇન બાકી રહેતી દરખાસ્તો બનાવી તાત્કાલીક ફોરવર્ડ કરવા વિનંતી છે. ટુંક સમયમા પોર્ટલ ઉપર વર્ષ ૨૦૧૮-૧૯ ના શૈક્ષણિક વર્ષ ની શિષ્યવૃતિની કામગીરી શરૂ થનાર હોઇ વર્ષ ૨૦૧૭-૧૮ ના કોઇ વિદ્યાર્થી વંચિત ન રહી જાય તે મુજબ તા.૨૦/૪/૧૮ સુધીમા પૂર્ણ કરવાની રહેશે. ત્યાર બાદ પોર્ટલ ફરી ઓપન કરવામા આવશે નહીં જેથી શાળા/કોલેજ/સંસ્થાની તેમના લોગીન મા બાકિ રહેતી દરખાસ્ત તા.૨૦/૪/૧૮ સુધીમા પૂર્ણ કરવી. જો શાળા/કોલેજ/સંસ્થા લેવલે દરખાસ્ત પેડિંગ રહેશે તો જે તે શાળા/કોલેજ/સંસ્થાની જવાબદારી રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં વિદ્યાર્થીઓના બેંક ખાતા ડોરમેન્ટના થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતા સ્થગીત ન થાય તે માટે તમામ આચાર્યશ્રીઓને વિનંતી કે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી બેંકનો સંપર્કકરાવી તમામ વિદ્યાર્થીઓના ખાતા સ્કોલરશીપ એકાઉંટમા તબદીલ કરવાની કામગીરી કરે આ માટે જે તે શાળાના આચાર્યશ્રીએ તેમના વિદ્યાર્થીઓને બોનાફાઇડ સર્ટી. કાઢી આપી બેંકને આપવુ.વિદ્યાર્થીના ખાતામા શિષ્યવૃતિ જમા થાય. જો તમામ વિદ્યાર્થીઓનાખાતા સ્કોલરશીપ એકાઉંટમાં તબદીલ થઇ જશે તો

આગામી વર્ષમા વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ડિમાંડ ડ્રાફ્ટ આપવાની માત્રા બંધ થઇ જશે અને વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની રકમ સિધી તેમના બેંક ખાતામા ચુકવી શકાશે તેમજ જે વિદ્યાર્થીઓના ખાતા શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલા ખોલાવી લેવાની કાર્યવાહીકરવા નમ્ર વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે શાળા/કોલેજ/સંસ્થાએ દરખાસ્ત સંપુર્ણ તપાસી ઓનલાઇન એપ્રુવ કરી દરખાસ્ત અત્રેની કચેરીને અગાઉના પરીપત્રની સુચના મુજબ દરખાસ્ત અત્રેનીકચેરીને મોકલી આપવા વિનંતી.

જીલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિ રાજકોટ

પ્રતિ,
૧. રજીસ્ટ્રારશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.
-/ આપની તાબાની તમામ કોલેજને ઇ-મેઇલ/વેબસાઇટ ઉપર મુકી જાણ કરવા વિનંતી.
૨. જીલા શિક્ષણાધિકારીશ્રી રાજકોટ.
-/ આપની તાબાની તમામ માધ્યમિક/ઉ.મા.શાળાઓને ઇ-મેઇલ ઉપર મુકી જાણ કરવા વિનંતી
૩.જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીજિલ્લા પંચાયત રાજકોટ.
-/ આપની તાબાની તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા વિનંતી.
૪.શાસનાધિકારીશ્રી રાજકોટ/ જેતપુર/ઉપલેટા
-/ આપની તાબાની તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા વિનંતી.
૫.મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, મોરબી રોડ, રાજકોટ.
૬.આર.કે.યુનીવર્સિટી, ત્રંબા, રાજકોટ.